| | | |
|---|---|---|
| | **બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ – જૂનાગઢ** | |

# F.Y.B.A. SEM-01 પ્રથમ રાઉન્ડ

- ફી ભરવા માટેની તારીખ **૧૮-૦૬-૨૦૨૪ મંગળવાર** થી

  **૨૧-૦૬-૨૦૨૪** શુક્રવાર સુધી જ.

  **સમય સવારે ૯ : ૦૦ થી ૧ : ૦૦**

**આ તારીખ બાદ પ્રથમ મેરિટ લિસ્ટમાં આવતા વિદ્યાર્થી જો પોતાના પ્રવેશ માટે ફી ભરશે નહી, તો આવા વિદ્યાર્થીનો પ્રવેશ અંગે કોઇ હક્ક દાવો માન્ય રહેશે નહિ જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.**

- મેરિટ લિસ્ટમાં આવતા વિદ્યાર્થીઓએ ***<u>GCAS પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલ એલોટમેન્ટ લેટર</u>*** **ફરજિયાત સાથે લાવવાનો** રહેશે અને કોલેજ પર આવો ત્યારે સૌ પ્રથમ આપવાનો રહેશે.
- **વિદ્યાર્થીના ડોક્યુમેન્ટ વેરિફાઈ થયા બાદ સ્થળ પર જ વિષય પસંદ કરવાનો રહેશે. વિષય પસંદગી અંગે કોલેજ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી રહેશે.**

વિષય પસંદગી બાદ સરકારશ્રીના નિયમો અનુસાર તે જ દિવસે વિદ્યાર્થીએ સત્ર ફી ભરવાની રહેશે. સત્ર **ફી નહીં ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રહેશે નહીં. પ્રવેશ ફી ભરેલી હશે તો જ પ્રવેશ માન્ય રહેશે.**

સત્ર ફી ભાઈઓ માટે → **1485/-** (અંદાજિત)

સત્ર ફી બહેનો માટે → **885/-** (અંદાજિત)

**નોંધ : પ્રથમ મેરિટ યાદીમાં આવેલ વિદ્યાર્થીઓની ફી ભરવાની તારીખ બાદ તા.૨૫ / ૨૬-૦૬-૨૦૨૪ ના રોજ બીજી મેરિટ યાદી કોલેજ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રથમ મેરિટ યાદીમાં ન આવેલ વિદ્યાર્થીઓએ કોલેજ વેબસાઈટ જોતા રહેવું.**

- એક વખત વિષય પસંદ થઇ ગયા બાદ વિષય બદલી શકાશે નહિ
- **આપને આપના પસંદ કરેલ પ્રોગ્રામ અનુસારના, મેરીટ મુજબ ઓફર લેટર આપવામાં આવેલ છે, શક્ય છે જે વિષય માટે ઓફર લેટર આપેલ હોય તે વિષયમાં પ્રવેશ ફી ભરતી વખતે જગ્યા ખાલી ના હોય, આવા સંજોગોમાં જે વિષયમાં જગ્યા ખાલી હશે તે વિષયમાં કોલેજ પ્રવેશ આપી શકશે. વિષય પસંદગી અંગે કોલેજ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી રહેશે.**
- **જો વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર આપેલ માહિતી અને ડોક્યુમેન્ટમાં કોઇ વિસંગતતા જણાશે તો આવા વિદ્યાર્થીનો પ્રવેશ અંગે કોઇ હક્ક દાવો માન્ય રહેશે નહિ જેની ખાસ નોંધ લેવી.**

## વિદ્યાર્થીઓ કોલેજ પર રૂબરૂ આવે ત્યારે નીચે મુજબના સ્ટેપ ફરજિયાત અનુસરવાના રહેશે.

1. ટોકન લેવું.

↓

2. ડોક્યુમેન્ટ વેરીફીકિશન કરાવવું. (સ્ટાફ રૂમ ઉપરના માળે)

↓

3. વિષય પસંદગી કરાવી. (કાર્યાલય ઉપરના માળે)

↓

4. પ્રિન્સિપાલ મીટ. (આચાર્યશ્રીની ઓફિસ ઉપરના માળે)

↓

5. ફી ભરવી (કોલેજ કાર્યાલયમાં ઉપરના માળે)

(શક્ય હોય ત્યાં સુધી છુટ્ટા પૈસા લઈને આવવું)

| | | |
|---|---|---|
| | **બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ - જૂનાગઢ** | |

# <u>પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2024-25</u>

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ દ્વારા વર્ષ 2024-25 માટે પ્રથમ વર્ષ B.A. માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પક્રિયા શરૂ કરવામાં આવેલ છે.

**અહીં નીચે આપેલ સૂચનાઓનો બારીકીથી અભ્યાસ કરી ખૂબજ કાળજીપૂર્વક તમામ પ્રક્રિયાને અનુસરવું.**

**<u>*GCAS પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલ એલોટમેન્ટ લેટર*</u> સાથે**

**નીચે મુજબના ડોક્યુમેન્ટ ઓરિજનલ તથા બે-બે ઝેરોક્ષ કોપીના સેટ સાથે લાવવાની રહેશે.**

(1) **GCAS પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલ એડમિશન ફોર્મ**

(2) 12 (H.S.C) ની માર્કશીટ (એકથી વધુ ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ)

(3) ટ્રાયલ સર્ટીફીકેટ (ધોરણ ૧૨નું)

(4) શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર (L.C.)

(5) ધોરણ 10 ની માર્કશીટ (એકથી વધુ ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ)

(6) જાતિનો દાખલો / **દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર** (લાગુ પડતા વિદ્યાર્થીઓએ જોડવું)

SC/ST/SEBC (OBC)/EWS/ (સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ)

**નોંધ : OBC/SEBC માં આવતા વિદ્યાર્થીઓએ નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ જોડવાનું રહેશે**

(7 ) આધાર કાર્ડ.

[8] બે પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ. (તાજેતરનો ફોટો જ જોડવો)બેંક પાસબૂકની નકલ

[9] **પ્રવેશ મળ્યા બાદ :** અભ્યાસમાં ગેપ હોય તો સોગંદનામું : જો કોઈ વિદ્યાર્થીએ માર્ચ – ૨૦૨૪ પહેલાં ધોરણ 12 પાસ કર્યું હોય તો ધોરણ 12 પાસ કર્યા પછીથી આજ દિન સુધીમાં તેમણે કોઈ અન્ય કોર્ષ કરેલ હોય તો તેની માર્ક શીટ અથવા સર્ટિફિકેટની નકલ સામેલ રાખવી. **અથવા** ધોરણ 12 પાસ કર્યા પછીથી આજ દિન સુધીમાં તેમણે કોઈ અન્ય કોર્ષ કરેલ ન હોય તો આ ખાલી સમય દરમ્યાન વિદ્યાર્થીએ કોઈ અભ્યાસ કરેલ નથી તથા સરકારશ્રી દ્વારા આપવામાં આવતી કોઈ શિષ્યવૃત્તિ કે અન્ય અભ્યાસકીય યોજનાનો લાભ લીધેલ નથી તે મુજબનું રુપિયા ૫૦ ના સ્ટેમ્પ ઉપર સોગંધ નામું રજૂ કરવાનું રહેશે.

(10) **પ્રવેશ મળ્યા બાદ :** GSHSEB – ગાંધીનગર બોર્ડ સિવાય અન્ય બોર્ડ માંથી ધોરણા 12 પાસ કર્યું હોય તો તેવા વિદ્યાર્થીઓએ **PEC** (પ્રોવિઝનલ એલીજીબિલિટી સર્ટીફિકેટ) ફોર્મ સાથે જોડવાનું રહેશે.

**નોંધ : આ સર્ટીફિકેટ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવવાનું રહેશે (ઓનલાઇન).**